## નમસ્કાર ગાંધીનગર

**પમરાટ**

**રેત માટીનો અનોખો તાલ છે..**
**વ્હાલનો ભંડાર આખું ભાલ છે.**

**અજ્ઞાત.**

**પાથેય**

## ધરતીનું વ્હાલ...

- રમેશ ઠક્કર

ધરતીની પણ અનેક છટાઓ છે..એને નિત્યયૌવના પણ કહી છે..વરસાદની એકાદી છાલક એને રોમાંચિત કરી નાખે છે..ભાલ પ્રદેશની સૂકી ધરતી આજે લીલીછમ લાગી રહી હતી..ચોમાસું ચારેકોર અડિંગો જમાવી બેઠું હતું..ડાંગરની ચળકતી ગ્રીન ક્યારીઓ સોળે કળાએ ખીલી ઉઠી હતી..ઘાસ ઉપર અનેરો ઉલ્લાસ હતો.

અમારા જમાનામાં ભણવાની એક મજા હતી..ગુજરાતના વિવિધ પ્રદેશો અને એની ખાસિયતો વાતવાતમાં શીખવા મળતી..ગીરની ભેંસ, કાંકરેજની ગાય..વઢિયારી માલધારીઓ..વાગડની વેશભૂષા..આ બાજુ આવીએ એટલે ચુંવાળ પ્રદેશ..દક્ષિણમાં કાનમનો કપાસનો પ્રદેશ..ચરોતરની ચમક..કાઠિયાવાડમાં તો વૈવિધ્યનું આખું વિશ્વ..બાબરિયાવાડથી બરડા ડુંગર સુધી !

ભાલ એ સોરઠ,ગુજરાત,ઝાલાવાડ, અને ચરોતરના ચતુષ્કોણે આવેલો છે. ભાલિયા ઘઉં એ જેની ઓળખ છે એ ભાલ ધરતીનું અદકેરૂં વ્હાલ છે..અમારું મુકામ પોસ્ટ આજે ગણપતિપુરા કોઠ ગામ હતું..આમ તો અમારી સફર આધ્યાત્મિક હતી,પણ ધરતીયે એટલી જ આત્મીય હતી..આ વિસ્તારની ઓળખ એટલે અવનવાં ઘાસનાં મેદાનો..ઝાડીઝાંખરાં અને બનાસ જેવી જ ઊડતી ધુળ..

ભાલ એટલે કપાળ..જયાં માણસનું કિસ્મત લખાયેલું હોય છે..વિસ્તારના નામોની પાછળ પણ કેવી કેવી રસિક વાતો ધરબાયેલી પડી હોય છે ! થોડેક જ દૂર લોથલના અવશેષો છે..એક સમયે એ ગુજરાતનું ધીકતું બંદર હતું..લોથ એટલે દટાયેલી લાશોનો ટીંબો.જે હડપ્પન કાલીન વિરાસત છે..એ બંદર જ્યારે ધમધમતું હશે ત્યારે ભાલપ્રદેશની જાહોજલાલી કેવી હશે ?


ઝરમર વરસાદ નાના બાળકની જેમ અમારી પાછળ પાછળ જ ચાલી રહયો હતો..આખરે એ ધોધમાર વરસી જ પડ્યો..વરસાદી ચાદર ઓઢેલી આ ધરતીને જોવી એ પણ એક અદ્ભુત ઘટના છે...ભાલ હજુ તો લાંબા પટ ઉપર પથરાયેલો છે..આગળ ધોલેરા બરવાળા અને છેક ભાવનગરના પાદર સુધી..એકસમયે આખા ભાલને આરપાર વિંધતી અનેક ખેપો મેં કરી છે..એની વાતો ફરી ક્યારેક..આજે તો ગણપતિ બાપ્પા મોરિયા અને મેઘરાજા મ્હોરિયા એનો જ આનંદ...

# કોંગ્રેસની વિકલ્પ બનવાની મથામણ

**તંત્રીસ્થાનેથી...**

દાંડીકૂચ વિશ્વના ઈતિહાસની અવિસ્મરણીય ઘટના હતી એકસઠ વર્ષની ઉંમરના મહાત્મા ગાંધીએ અંગ્રેજ સરકાર દ્વારા લદાયેલા મીઠા ઉપરના કર વિરુદ્ધ આરંભેલી આ પદયાત્રા પરિણામદાયક નીકળી હતી. બ્રિટિશ સરકાર હચમચી ઊઠી હતી. વર્ષોથી ગુલામી વેઠતી પ્રજામાં ચેતનાની લહેર દોડી ગઈ હતી. સ્વરાજ માટેની મજબૂત ભૂમિકા રૂપે દાંડીકૂચને આજે પણ યાદ કરવામાં આવે છે. અને એનાં સાચાંખોટાં પુનરાવલોકન તથા અનુકરણ થતાં રહે છે. સોનિયા ગાંધી પૂર્વે રાજીવ ગાંધી અને પછી ગાંધીવંશજ આવી કૂચ કરી ચૂક્યા છે. ગુજરાત સરકારે દાંડીયાત્રાનો માર્ગ પણ સુચારું બનાવ્યો છે. રાહુલ ગાંધીએ એમની 'ભારત જોડો' યાત્રાની પ્રેરણા ગાંધીજીની દાંડીયાત્રા પરથી જ લીધી છે. આવી યાત્રા અગાઉ બાબા આમટેએ કરેલી અને તેઓ ગાંધીનગર પણ આવેલા. પરંતુ તેમની યાત્રા કે અડવાણીની ઐતિહાસિક રામજન્મભૂમિ યાત્રા વાહનોમાં થઈ હતી. રાહુલ ગાંધી પગે ચાલીને, ગાંધીજીની જેમ અને ભૂદાનયાત્રી વિનોબાની જેમ કન્યાકુમારીથી કાશ્મીર જવા નીકળ્યા છે. વચ્ચે આખો દેશ વીંધીને પસાર થવાનું છે. અલબત્ત એમના રાત્રિ નિવાસ તથા વિસામા માટે લક્ઝુરિયસ કન્ટેનરો ખાસ સૂચના મુજબ બનાવાયા છે. મહિનાઓની મથામણ અને બ્રેનસ્ટોર્મિંગ મિટિંગો પછી આત્રી યાત્રાનું આયોજન થયું છે. જયરામ રમેશ જેવા બૌદ્ધિકો અને દિગ્વિજયસિંહ જેવા વરિષ્ઠ નેતાએ એમાં રાહુલ ગાંધીની કલ્પનાને સાકાર કરવા પ્રબળ પુરુષાર્થ ઉમર્યો છે. યાત્રા માર્ગ ભારતનાં ઘણાં બધાં છતા તમામ રાજયોનેને કવર કરી શક્યો નથી તે સૂચક છે. જો કે હવે આથી વધુ મોટું સાહસ રાહુલ તો શું, દેશનો અન્ય કોઈ નેતા કરી શકે નહીં કારણ કે આ હેલિકોપ્ટરો કે વિમાનોમાં ઊડવાની યાત્રા નથી - અહી તો રોજેરોજ પગપાળા ચાલવાનું છે. જે તે રાજયના કાર્યકર્તાઓ યાત્રામાં જોડાવાના છે અને રાહુલ ગાંધી બધાને મળતા મળતાં આગળ નીકળી જવાના છે. વખાણ કરવાનું મન થાય એવું આયોજન છે - સાચા અર્થમાં છિન્નભિન્ન થઈ રહેલા દેશને જોડવાનો સંકલ્પ સાથે ભરાયેલું પગલું છે. કયારેક આદિ શંકરાચાર્યે આવી જ યાત્રા કરી હશે ને ! એ સિવાય દેશના ચારે ખૂણામાં ચાર પીઠો થોડી સ્થાપી શકાઈ હોત ? અહીં ફરક ઉદ્દેશનો આવે છે. રાહુલ ગાંધીની ઈમેજ ઝાંખી પાડવામાં ભારતીય જનતા પાર્ટીએ કોઈ કસર છોડી નથી. એમને રાજકીય ક્ષેત્રનું હાંસીલાયક પાત્ર બનાવી દીધા છે. રાહુલના તમામ પાસા અવળા પડતા રહ્યા છે અને એક પછી એક કોંગ્રેસશાસિત રાજયો ભાજપની ઝોળીમાં ઠલવાતાં રહ્યાં છે. કોંગ્રેસી આગેવાનો હતાશ થઈને પાર્ટી છોડી રહ્યા છે. ભાજપમાં જવાથી કંઈ એમનાં માન-પાન વધી જવાનાં નથી, એની તો એમને પણ ખબર છે. પરંતુ કોંગ્રેસમાં પડી રહી સડ્યા કરવું એ કરતાં નાનું મોટું જે પદ મળે તે મેળવી લેવાની મંશા સાથે એ વિચારસરણી બાજુએ મૂકી કેસરિયો ખેસ પહેરતા થઈ ગયા છે. કોંગ્રેસ હાઈકમાંડનો કબજો હસ્તગત રાખવાની નેમ સાથે ગાંધી-નહેરુ વંશ હવે જીવ પર આવી ગયો છે. આ પાર કે પેલે પાર - એક વાર દેશની પ્રજાને મુખોમુખ થઈ એમના પ્રશ્નોથી વાકેફ થવું, એમને વર્તમાન શાસકોની ભૂલોથી અવગત કરાવવા, ગણ્યાગાંઠ્યા ઉદ્યોગપતિઓ અને મળતિયાઓને માલામાલ કરી પોતાની વાહવાહ કરાવવી વગેરે બાબતો પ્રજા પણ સમજે તો છે. પ્રજાને ઉદ્યોગપતિઓ સમૃદ્ધ થાય કે બેન્કો લૂંટાઈ જાય એની ચિંતા નથી. એને ફિકર છે બે ટંકના રોટલાની, રોજગારીની. ભ્રષ્ટાચાર તો હવે શિષ્ટાચાર છે અને કોઈ પણ સરકાર આવશો તો પણ એ થતો જ રહેવાનો છે. એથી પ્રજાને રોજગારીનો - બેકારીનો જ મુદ્દો આકર્ષી શકે, બીજો કોઈ નહીં. સાંપ્રદાયિક વિખવાદનું વાતાવરણ તો ખુદ પ્રજાને જ ગમતી વાત હોય એમ હવે હિંદુત્વના મુદ્દે બહુમતી સમુદાયમાં જાગૃતિ આવી છે જે અયોધ્યાના ચુકાદા પછી વધારે ઉગ્ર સ્વરુપે આગળ વધે એવી શક્યતા છે. લઘુમતીને સાઈડ લાઈન કરીને ભારતીય જનતા પાર્ટી ગણતરીપૂર્વક હિંદુ રાષ્ટ્રનો એજન્ડા અમલી બનાવી રહી છે. એવા સંજોગોમાં રાહુલ - સોનિયાએ સ્વીકારેલ 'સોફ્ટ હિંદુત્વ' વાળી રાજનીતિ પણ અસરકારક નથી રહી શકી. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના ડ્રેસ કોડની ખાખી ચડીને બાળવાથી કોંગ્રેસ મજબૂત થાય એ વાતમાં માલ નથી. કોંગ્રેસે વ્યૂહાત્મક રાજનીતિ અપનાવી પ્રાદેશિક પરિબળોને સમર્થન આપવાની જરૂર હતી. ભારત જોડો યાત્રાથી એ મુદ્દે કોંગ્રેસ પોતાની રાષ્ટ્રીય ઓળખ પુનઃ પ્રાપ્ત કરવા મથતી વરતાય છે.

# આ શબ્દો સાચા નથી




અહીં કેટલાક શબ્દો આપ્યા છે; બોલવામાં કે લખવામાં આવતા આ શબ્દો સાચાં નથી. તેની સામે સાચા શબ્દ કયા હોઈ શકે, અને તેનું કારણ શું છે, તે દર્શાવ્યું છે.

(૧) તજજ્ઞ - તજ્‌જ્ઞ. આ વિષયમાં જામકાર. તજજ્ઞનો અર્થ તો થાય - આ વિષયમાં ન જાણનાર.

(૨) સુસ્વાગતમ્ - સ્વાગતમ્. સુ-આગતમ્. ફરીથી 'સુ' લગાડવાની જરૂર નથી.

(૩) ભાઈ બહેન - ભાઈ બહેન. 'હ' ની અગાઉ જોડાક્ષર ન લાગે. જેમ કે 'વહેમ.'

(૪) મોર્ડન - મૉર્ડન. MORDEN

(૫) સરજી - સર Sir બૂરતો માનવાચક છે. એને 'જી' લગાડવાની જરૂર નહિ. આમ પણ 'સર' અંગ્રેજી શબ્દ છે. 'જી' નથી.

(૬) યોગા - યોગ. એનો સ્પેલિંગ 'YOGA' છે; એટલે કાંઈ ગુજરાતમાં 'યોગા' બોલવાની જરૂર નથી

(૭) મહત્તમ અને લઘુત્તમ - મહત્તમ અને લઘુત્તમ 'તમ' પ્રત્યય 'મહત્' ને અને 'લઘુ' ને લાગ્યો છે.

(૮) મહત્ત્વ - મહત્ત્વ . મહત્ ને 'ત્વ' પ્રત્યય લાગ્યો છે.

(૯) અંજળપાણી - અંજળ. આમાં 'જળ' આવી જ જાય છે.

(૧૦) ત્વમેવ વિદ્યા દ્રવીણોમ ત્વમેવ - ત્વમેવ વિદ્યા પ્રવિણમ્ ત્વમેવ. પ્રવિણમ = ધન સંપત્તિ.

(૧૧) સમરપયામી - સમર્પયામિ. હું સમર્પિત કરું છું.

(૧૨) સહ ના વવસ્તુ । સહનૌ ભુનસ્તુ । સહ ના વવતુ । સહ નૌ ભુનક્તુ । ઈશ્વર અમને ગુરુશિષ્યને બધી અવસ્થામાં સાથે રાખે; સુખદુઃખનો ભોગવટો સાથે કરાવે.

(૧૩) આર્યુવેદ - આયુર્વેદ. આયુષ્યને સાચવનારો વેદ

(૧૪) અગત્સ્ય - અગસ્ત્ય. પર્વતને નમાવનારા.

(૧૫) દ્વૈમ્પાયન - દ્વૈપાયન. દ્વીપ - ટાપુ - ઉપર જન્મ લેનારા.

(૧૬) શકુંતલા - શકુન્તલા. પક્ષીઓ વચ્ચે ઉછેરલી.

(૧૭) પ્રિયવંદા - પ્રિયંવદા . પ્રિય બોલનારી

(૧૮) વિક્રમોવર્શીય - વિક્રમોર્વશીય. વિક્રમ (પુરુરવા) અને ઉર્વશી ને લગતું (નાટક)

(૧૯) રૂખમણી - રુક્મિણી. રાજા રુકમીની દીકરી.

(૨૦) શુપર્ણખાં - શુર્પણખા. શુર્પ - સૂપડા - જેવા નખ વાળી.

(૨૧) ઘટોરગછ - ઘટોત્કચ. આનું મસ્તક વાળ વગરનું એટલે ઊંધા ઘડા જેવું.

(૨૨) વક્રં વિલોક્ય સહસા - વક્ત્રં વિલોક્ય સહસા. મુખ જોઈને તરત જ (શકાદયઃ સ્તુતિ)

(૨૩) વાલ્મિકી - વાલ્મીકી - જેના શરીર પર રાફડો (વાલ્મીકી બાઝી ગયા.

(૨૪) ભાગવત્ ગીતા - ભગવદ્ગીતા - ભગવાને ગાયેલી - પ્રસ્તુત કરેલી 'ભગવાનુવાચ.'

(૨૫) દશમસ્કંદ - દશમસ્કંદ. શ્રીમદ ભાગવતનો દશમો સ્કંદ.

(૨૬) અશ્વમેધ - અશ્વમેધ યજ્ઞમાં અશ્વનો મેધ.

# 'ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર !'




ઘણી ય વાર કોઈ વાતની શરુઆત સાંભળતાં લાગે કે ભાઈની (બહેનની તો ખાસ!) વાત જોરદાર લાગે છે, કંઈક નવું જાણવા મળશે, વાતનો અંત અલગ જ આશ્ચર્યકારક હશે માટે પૂરી વાત ધ્યાનથી સાંભળીએ. પરંતુ એ તો 'ધી એન્ડ' આવે ત્યારે થાય કે વાતમાં કંઈ દમ જ નહોતો.... અમથું અમથું પેટ્રોલ બાળ્યું આપણે.... આ તો સાવ 'ખોદ્યો ડુંગર ને નીકળ્યો ઉંદર' જેવું થયું !!

કેટલીક સેવાઓ - સુવિધાઓ ને વસ્તુઓની આપણને હવે એવી તો આદત પડી ગઈ છે અને એના એવા તો હેવાયા થઈ ગયા હોઈએ છીએ કે થોડો વખત પણ એનાથી વંચિત રહેવાની પરિસ્થિતિ ઊભી થાય તો જાણે આપણા મોતિયા જ મરી જાય છે ! જાણે આપણું સર્વસ્વ લૂંટાઈ ગયું હોય અને હવે જીવી જ નહીં શકાય એવી ગૂંગળામણ થવા માંડે છે.

ટી.વી ચેલન્સ જેમ કે લાઈટ્સ - વાઈ-ફાઈ - બ્રોડ બેન્ડ સેવા. આ બધું સંજોગોસર થોડા કલાકો માટે ય બંધ થઈ જાય તો ઘરનો સૌ સભ્યો આકુળવ્યાકુળ થઈજાય છે. ને જલ્દી સર્વિ પ્રોવાઈડર કંપનીને - કંપલેઈન કરો - જલ્દી આટલું કરવા ફોન કરી જોર કરોની સૂચનાઓ આપી આપીને આપણને અધમૂઆ કરી નાખે છે......

આપણે ફોન પણ ઝટ કરીએ પણ કાં તો લાઈન એન્ગેજડ મળે કે રીંગ સરસ જાય પણ કોઈ ખાસ્સી વાર સુધી ફોન ઉપાડે નહીં.

'ધીરજના ફળ મીઠાં' એ કહેવત યાદ રાખીને ફોન પકડીન બેસી રહીએ તો નસીબ જાગે ને એક મીઠો વિવેકપૂર્ણ સ્વર સંભળાય. 'ફલાણી, ભલાણી કંપની આપનું સ્વાગત કરે છે' ને પછી આપણને કામે લગાડી દે કે 'ગુજરાતીમાં વાત કરવા એક દબાવો, હિંદીમાં વાત કરવા બે દબાવો, અંગ્રેજીમાં વાત કરવા ત્રણ દબાવો.'

આ મળેલી સૂચના મુજબ, આપણે વાત કરવા ભાષા 'નક્કી કરીએ એટલે પાછી નવી સૂચનાઓ શરૂ : 'નવા કલેકશન માટે એક, બીલ સંબંધિત જાણકારી માટે બે, ઢીંકણા માટે ત્રણ, પૂંછડા માટે ચાર,બીજી કોઈ ફરિયાદ માટે પાંચ દબાવો...' આપણે આપણી કંપલેઈન્ટ કરવા તલપાપડ થઈ રહ્યા હોઈએ ને મનમાં થતું હોય કે આ બહેન (કે ભાઈ) જલ્દી મારી વાત સાંભળી લે તો ઝટ કોઈને મોકલી દઈ આપણી ફરિયાદનું નિવારણ કરે - ઝટ લાઈટ - ચેનલ કે બ્રોડબેન્ડ શરૂ થઈ જાય!!

પણ ના.... એની આ ને પેલુ ને નંબર દબાવાની સૂચના સાંભળી, બોલનારનું ગળું દબાવી દેવાની ઈચ્છા થઈ આવી હોય તેને મનમાં જ દબાવી દઈ, આપણે સૂચના મુજબ આગળ વધીએ - મનમાં એક જ આશાએ કે હવે તો આપણે શું પ્રોબ્લેમ છે એ સાંભળશે અને કોઈને એ 'સોલ્વ' કરવા કામે લગાડશે - ક્યાં તો પાછો મીઠો ને સૌજન્યપૂર્ણ સ્વર સંભળાય : 'હું આપને અમારી સંબંધીત મેનેજર સાથે વાત કરાવું.... લાઈન પર લાગેલા રહેવા વિનંતી...'

મનમાં થાય કે હાશ ! હવે કંપનીના આ મેનેજર સાહેબ આપણી ફરિયાદ સાંભળી કરી દેશે કે ડોન્ટ વરી... હમણાં જ આપનું બ્રોન્ડબેન્ડ કે આપણી લાઈન ચાલુ કરાવી આપશે...

પણ ખાસ્સો ટાઈમ રીંગ વાગ્યા કરે ને પેલો મીઠો અવાજ થોડી વારે 'આપને રાહ જોવડાવવા બદલ ક્ષમા પ્રાર્થીએ છીએ...' કે 'આપણી ધીરજ બદલ ધન્યવાદ.... લાઈન પર રહો..... સંબંધિત મેનેજર સાથે વાત કરાવું છું આપને....' પણ લાંબા સમય સુધી એમના 'સંબંધિત સાહેબ' ફોન ઉપાડે નહીં એટલે પછી કહેવામાં આવે કે 'આપની કંપલેઈન' નોંધી લેવામાં આવી છે. આપનો કંપલેઈન્ડ રજીસ્ટર્ડ નંબર અમુક તમુક (એટલે પંદર- સત્તર આંકડાનો જ હોય) છે. આપણી કંપ્લેઈન્ટ ચોવીસ કલાકમાં એટેન્ડ કરવામાં આવશે.

આને જ કહેવાયને 'ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર?' પહેલાં આ 'મેન્યુઅલ' ચાલતું એમાં ફટ દઈને ફોન પર ફરિયાદ નોંધી, લેવાની.... હવે 'ઓન લાઈન' અને 'હાઈ ટેકનોલોજી' ના જમાનામાં મૂળ કામ તો જયારે ને જે ગતિએ થવાનું હોય એમ જ થાય છે. પણ આપણી ફરિયાદ - વાત પહોંચાડવા ઉપરથી વધુ ટાઈમ બગાડતો હોય એવું 'ફીલ' થાય છે....પાછું લટકામાં આપણા મોબાઈલ પર મેસેજ આવે કે 'આપે હમણાં અમારી અમુક તમુક સાથે વાત કરી.... આપ એમની વાતચીત - કાર્યપદ્ધતિથી સંતુષ્ટ છો ? એમને રેટિંગ આપી આપનો ફીડ બેક આપવા વિનંતી....' વાત કઈ ત્વરાએ થયું - ફરિયાદ નિકાલ પદ્ધતિ - એ માટે લેવાયેલ સમય વિશ કોઈ ફીડ બેક માંગતુ નથી. કેમ કે જાણે છે કે એ ફીડ પેક કેવા સખત હોવાના !!

ઠીક છે ભાઈ ! કામકાજ બિલકુલ આધુનિક - અદ્યતન સિસ્ટમ મુજબ ને લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગ થકી થઈ રહ્યું છે એવી 'જાહેરાતો' કરવા માટે આ બધું સારું છે.... ને આપણે 'ઉતાવળે આંબા ના પાકે' એવું મન મનાવીને રહેવાનં છે, બીજું શું ?

# સેવાભાવી ચીમન...




બગીચામાં એક નિશ્ર્ચિત બાંકડા ઉપર નિયત સમયે એક કપલ બેસવા આવતું, બંને નિરાંતે વાતો કરતાં, ક્યારેક એમના મુખ ઉપર સ્માઈલ પણ આવી જતું આ જોઈ મેં મારા મિત્રોને કાહ્યું કે બોલો આ જે કપલ છે એ બંને જણ પતિ પત્ની નથી, તો મિત્રોએ ચોંકતાં મને પૂછ્યુ કે તમો એવું શા ઉપરથી કહી શકો ? તો મેં જણાવ્યું કે ભાઈ, પતિ પત્ની તો આવી રીતે હસતાં જોવા મળવાં મુશ્કેલ છે. જો કે એ હસે તો ખરાં પણ એકલાં હોય ત્યારે નહિ, કોઈની હાજરીમાં જ એમને હસવાનું ફાવે છે. ને એ એકલાં હોય ત્યારે તો એમને લડવાનું, જૂના હિસાબ ચૂકતે કરવાનું ને એવું બીજું નોન રોમેન્ટીક કામ જ માફક આવતું હોય છે....!!!!!! મારું આવું અવલોકન સાંભળી અમારા સેવાભાવી ચીમનથી ના રહેવાયું તે એણે તો પેલા કપલ પાસે જઈને સીધું મોંઢા ઉપર જ પૂછી નાખ્યું કે, "બોલો અંકલ તમે બેઉ હસબંડ અને વાઈફ તો નથી જ ને ? "

આ સાંભળી પેલા આધેડ પુરુષે એને તો ખખડાવી જ નાખ્યો, " તમારે મિસ્ટર્ આ બધી પંચાત કેમ કરવી પડે છે ? સીધે સીધા તમારો રસ્તો પકડો, ને અમે કોણ છીએ એ તમારે જાણીને શું કામ છે ?" ચીમન તો તરત જ ચૂપ થઈને અમારી પાસે આવતો જ રહ્યો.

અમારા ચીમનની ફરિયાદ એવી છે કે એને કંઈપણ સારો વિચાર આવે ને એ એનો અમલ કરવા જાય તો કંઈક ઉલ્ટુ જ બને છે...

એ ગામના ચાર રસ્તે બેસીને કોઈ અજાણ્યા માણસ ગામના કોઈનું ઘર પૂછતા આવે તો એમની સાથે જઈને જે તેનું ઘર બતાવી આવવું એવા સેવાના આશયથી એક સવારે એ ગામની ભાગોળે આવેલા ચાર રસ્તે બેઠો હતો ત્યારે એક અજાણ્યા પણ કદાવર અને લાંબી મૂંછાળા માણસે એની નજીક જઈ પૂછ્યું કે જગાજી ઠાકોરનું ઘર બતાવશો ? તો ચીમન ઉભો થઈ એમની સાથે ચાલતો જઈ જગાજીના ઘેર લઈ ગયો તો જગાજી એ વખત તો ચીમનને કશું બોલ્યા નહિ પણ સાંજે ચીમનને હાચા મનથી ધોઈ જ નાખ્યો કેમ કે એ માણસ શહેર માંથી આવેલ ઉઘરાણીઓ હતો અને જગાજી ઉછીના લાવેલ પચીસ હજાર વાયદા મુજબ ચૂકવ્યા ન હોવાથી એમનું ઘર શોધતો આવ્યો હતો. વળી જગાજી પાસે પૈસા ન હોવાથી એ માણસ ગાળા ગાળી કરીને જગાજીનું બાઈક લઈને જતો રહ્યો હતો...!!!!!

પછી ચીમને સેવાનો સ્વભાવ તો ન બદલ્યો પણ પૂરતી ચોક્સાઈ કર્યા પછી જ કંઈ કામ કરવું ને જરૂર લાગે તો જ ઘર બતાવવું એમ નક્કી કર્યુ. તો વળી બીજા દિવસે પીઢ ઉંમરના ઉજળાં કપડાં પહેરેલા બે જણે ગામના ચોરે બેઠેલા ચીમનને જીવણલાલનું ઘર બતાવવા કહ્યુ. ચીમન થોડી વાર એમને જોઈ રહ્યો પછી પૂછ્યુ, " જીવણલાલનું ઘર તો બતાવું પણ પહેલાં એ કહો કે તમારે એમનું કામ શું છે ? " " અરે ભાઈ કામ તો અમારે ગમે તે હોય ,તમતમારે એમના ઘરનો રસ્તો દેખાડોને ? " બેમાંથી એકે જરા અકળાઈને કહ્યું. " ના હોં, તમે કામ ના ક્યો તો હું એમનું ઘર નહિ બતાવુ, હું કાંઈ નવરો નથી તે જેને ને તેને લોકોનાં ઘર બતાવતો ફરું...." પેલા બે ય જણને ચીમનની વાતમાં જરા રસ પડ્યો એટલે એને ખેંચવા બીજાએ કહ્યું,

" ભાઈ અમારે એમનું શું કામ છે એ જાણીને તમે શું કરશો ? તમે એમના હગા વા'લા હોવ તો ક્યો ? "

ચીમનને લાગ્યું કે આ લોકોને ચોખુ પૂછી જ લેવું સારુ, એટલે એને ઠાવકાઈથી પૂછ્યુ, " તમે એમને કાંઈ ઉછી પાછીના રૂપિયા તો ધીર્યા નથીને ? ને એ રૂપિયા એમને પાછા ના આપ્યા હોય ને તમે એમના ઘરે લેવા ઉઘરાણી કરવા આવ્યા હોવ એવું તો નથીને ?"

પેલા બંને સજ્જન તો આ સાંભળી વિચારમાં પડી ગયા. ખરેખર તો એ લોકો એમની દીકરી હાટુ જીવણલાલના છોકરાને અને ઘર ગામ વગેરેને જોવા આવ્યા હતા. પણ ગામને ઝાંપે જ ગામનો જણ જીવણ લાલ વિશે આવું પૂછતો ભાળી એમણે વધુ ચોખવટ કરવા પૂછ્યુ, " તે શું જીવણલાલ ઉછીના પૈસા લાવે છે ખરા ? ને કોઈના પૈસા જલદી પાછા નથી ચૂકવતા એવું ય ખરું ? "' એ બધું તમને કહેવા હું બંધાયેલ નથી પણ આ તો સહેજ ચોખવટ કરવી હતી કે તમે ઉઘરાણી બુઘરાણીએ તો નથી આવ્યાને ??"

ચીમનની આવી નકામી માથા કૂટથી એ બે ય જણ એમના કન્યા માટે વર જોવાના ઈરાદામાં ઢીલા પડી ગયા ને એ દિવસે જીવણલાલને ભેગા થયા વગર જ જતા રહ્યા....જીવણલાલને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એમને ય ચીમનનો ઉધડો લઈ નાખેલો...

બસ ત્યાર પછી ચીમને લોકોની સેવા કરવાનું જ માંડી વાળ્યુ.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com)